# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય બજેટને સર્વાંગી વિકાસ માની આવકાર...

કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા ઈન્ટરીમ બજેટનો સમાવેશ કરી વર્ષ ૨૦૨૪-૨૫ નું સાતમું સંપૂર્ણ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે અને મોંઘવારી નિયંત્રણમાં છે. તેમજ વિકસીત ભારત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયેલ છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રીશ્રી ઉતસવભાઈ દોશી, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આ બજેટને આવકારતા તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે. તેમજ ગત તા.૨૧-૬-૨૦૨૪ ના રોજ દિલ્હી ખાતે નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં બજેટના સુચનો અંગેની મળેલ મિટીંગમાં રૂબરૂ ઉપસ્થિત રહી રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ મુદાઓની માંગણી કરાયેલ હતી. જેમાં થોડા ઘણાં મુદાઓનો સ્વીકાર થયેલ છે. આ બજેટમાં ગ્રામીણ, અર્થવ્યવસ્થા, ઉધોગો, આવાસ, ગરીબ, મહિલા, કિશાન, હાઉસીંગ લોન, મનરેગા, કિશાનનિધિ, પ્રાકૃતિક ખેતિ ઉપર, આરોગ્ય વિગેરે પર ફોકસ કરવામાં આવેલ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ છે અને રાજકોટ શહેરમાં આશરે ૧.૩૨ લાખ MSME થી પથરાયેલ છે ત્યારે આ બજેટથી MSME ને ફાયદો થશે અને રોજગારીમાં પણ વધારો થશે. તેમજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલયન ડોલર ઈકોનોમીના વિઝનને સાર્થક કરવામાં રાજકોટ સહભાગી બનશે.

આમ બજેટના વિવિધ ખાસ મુદાઓ જેમાં ૯ મહત્વના સ્ત્રોતો (૧) કૃષિ ઉત્પાદકતા અને સ્થિતિસ્થાપકતા, (૨) રોજગારી અને સ્કીલ, (૩) સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજીક ન્યાય, (૪) ઉત્પાદન અને સેવાઓ, (૫) શહેરી વિકાસ, (૬) ઉર્જા સુરક્ષા, (૭) ઈન્ફ્રસ્ટ્રકચર, (૮) નવીનતા, સંસોધન અને વિકાસ, (૯) આવનારી પેઢીમાં સુધારને પ્રાથમીકતા આપવામાં આવેલ છે. MSME માટે નાણાંકીય પેકેજ, MSME કલ્સ્ટર્સ માટે સીડબીની વધુ બ્રાન્ચો ખોલાશે, સર્વિસ, મેન્યુફેકચરીંગ સેકટર માટે વિશેષ પેકેજ, ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ હબ બનાવાશે, રિસર્ચ માટે ૧ લાખ કરોડની ફાળવણી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ૫ વર્ષ માટે લંબાવાઈ, કૃષિ સેકટર માટે ૧.૫૨ લાખ કરોડ, આગામી ૨ વર્ષમાં ૧ કરોડ ખડુતોને નેચર ફાર્મિંગ માટે પ્રોત્સાહન અપાશે, ગ્રામીણ વિકાસ માટે ૨.૬૬ લાખ કરોડ, ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૨૬ હજાર કરોડ, આશરે ૪.૧ કરોડ યુવાઓને કૌશલ્ય સક્ષમ બનાવાશે, જેના માટે ૨ લાખ કરોડની જોગવાઈ, ૧ કરોડ યુવાનો માટે ઈન્ટર્નશિપ પ્રોગ્રામની જાહેરાત જેમાં દર મહિને રૂા.૫૦૦૦નું ઈન્ટર્નશીપ ભથ્થુ અને રૂા.૬૦૦૦ એકમ સહાય, શિક્ષણ રોજગાર અને કૌશલ્ય માટે ૧.૪૮ લાખ કરોડની જોગવાઈ, શિક્ષણ માટે ૧૦ લાખ સુધીની લોન સહાય, મુદ્રા લોનમાં કર્જની મર્યાદા ૨૦ લાખ, પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ ઘર બનાવાશે, પીએમ સૂર્યોદય

યોજનાથી ભારત ચમકશે, મહિલાઓ માટે ૩ લાખ કરોડની જોગવાઈ, પાયાના માળખાના વિકાસ માટે ૧૧ લાખ કરોડની જોગવાઈ, રાજ્યોને સ્ટેમ્પ ડયુટી ઘટાડવા માટે જણાવાશે, ૧ હજાર આઈટીઆઈને અપગ્રેડ કરાશે, ડેટ રીકવરી ટ્રીબ્યુનલ યોજના અમલમાં મુકાશે, સોના અને ચાંદી પર કસ્ટમ ડયુટી ઘટાડીને ૬% કરાયેલ, ટેલિકોમ ઉપકરણો પર કસ્ટમ ડયુટીમાં ઘટાડો, ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ની ૬ મહિનામાં સમીક્ષા કરાશે, ઈન્કમટેક્ષ પ્રણાલીને સરળ બનાવાશે, જુના ટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર નહી, નવો ઈન્કમટેક્ષ સ્લેબ : ૦ થી ૩ લાખ સુધી કોઈ ટેક્ષ નહી, ૩ થી ૭ લાખ સુધી ૫%, ૭ થી ૧૦ લાખ સુધી ૧૦%, ૧૦ થી ૧૨ લાખ સુધી ૧૫%, ૧૨ થી ૧૫ લાખ સુધી ૨૦%, ૧૫ લાખથી વધુ ૩૦% કરવામાં આવેલ, ઈ-કોમર્સ ઓપરેટરોને ટીડીએસમાં છુટ, કેપિટલ ગેઈન ટેક્ષેશનને સરળ કરાશે, સ્ટાર્ટ અપ વધારવા માટે એન્જલ ટેક્ષ નાબુદ, વિદેશી કંપનીઓ ઉપર કોર્પોરેટ ટેક્ષ ઘટાડી ૩૫% કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.